# પ્રસાર ભારતી

# પ્રાદેશિક સમાચાર વિભાગ, અમદાવાદ

**તારીખ : 03-04-2024** **સાંજે : 7.10 થી 7.20pm**

**વાર : બુધવાર**

**આકાશવાણી અમદાવાદ, વડોદરા....પ્રાદેશિક સમાચાર અમિતા વાંઝા વાંચે છે.**

---

- ચૂંટણીપંચે બધા જ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના મુખ્ય સચિવો અને પોલીસ મહાનિયામકોને આંતરરાજ્ય તેમજ આંતરરાષ્ટ્રીય સરહદો ઉપર ગેરકાયદેસર વહેંચાતી ચીજો પર કડક નજર રાખવા આદેશ આપ્યો.
- ચૂંટણી પંચની સી-વીજીલ મોબાઈલ ઍપ પર અત્યાર સુધી આદર્શ આચારસંહિતા ભંગની કુલ 816 ફરિયાદો મળી.- તમામનું યોગ્ય સમયે નિકાલ કરાયો.
- રાજ્યના તમામ જિલ્લા ચૂંટણી અધિકારીઓ દ્વારા રાજકીય પક્ષોની હાજરીમાં EVM નું ફર્સ્ટ રેન્ડમાઈઝેશન આવતીકાલથી હાથ ધરાશે.
- દેશના વિવિધ રાજયોમાંથી નવા ચૂંટાયેલા 11 સભ્યોએ રાજયસભાના સભ્ય તરીકે શપથ લીધા.
- સરકારે કહ્યું કે, દવાઓના ભાવમાં નોંધપાત્ર વધારો થવા અંગેના મીડિયાના અહેવાલો ખોટા અને ગેરમાર્ગે દોરનારા છે.
- આવતીકાલે વર્લ્ડ સ્ટ્રે એનિમલ દિવસની ઉજવણી.

---

(ન્યૂઝ બ્રેક – આ પ્રાદેશિક સમાચાર આપ આકાશવાણી અમદાવાદ – વડોદરા પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી – અમદાવાદ – વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા)

**NEW-EC---LAW---ORDER**

ચૂંટણીપંચે બધા જ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના મુખ્ય સચિવો અને પોલીસ મહાનિયામકોને આંતર રાજ્ય તેમજ આંતરરાષ્ટ્રીય સરહદો ઉપર ગેરકાયદેસર ધોરણે દારૂ, રોકડ નાણાં, માદક પદાર્થો, શસ્ત્રો અને મફતમાં વહેંચાતી ચીજો પર કડક નજર રાખવાનો આદેશ આપ્યો છે. .

ચૂંટણીપંચે 2024માં સામાન્ય ચૂંટણી મુક્ત અને શાંતિપૂર્ણ તેમજ ન્યાયી રીતે હાથ ધરવા માટે શક્ય તમામ પગલાં લેવાનો આદેશ આપ્યો છે.

ચૂંટણી પંચે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિની સમીક્ષા કરવા વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના મુખ્ય સચિવો અને પોલીસ વડાઓ સાથે બેઠક કરી હતી.

બેઠકના અધ્યક્ષસ્થાને મુખ્ય ચૂંટણી કમિશ્નર રાજીવકુમાર તેમજ ચૂંટણી કમિશ્નરો જ્ઞાનેશકુમાર અને સુખબીરસિંહ સંધુ હતા. આ પ્રસંગે રાજીવ કુમારે મુક્ત અને નિષ્પક્ષપણે શાંતિપૂર્ણ રીતે ચૂંટણી યોજવાના ચૂંટણી પંચનો નિર્ધાર વ્યક્ત કર્યો હતો. રાજીવકુમારે દરેક મતદાર પોતાના મતાધિકારનો ઉપયોગ જરા પણ ડર વગર કરી શકે તે જોવાનો બધા રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશને આદેશ આપ્યો. આ બેઠક દરમિયાન અરૂણાચલ પ્રદેશ, મહારાષ્ટ્ર અને છત્તીસગઢ જેવા પડકાર સમા રાજ્યોમાં ચૂંટણી ટુકડીઓને લાવવા લઇ જવામાં મદદરૂપ થવા ભારતીય હવાઇદળ અને રાજ્ય નાગરિક ઉડ્ડયન વિભાગના સાથ સહકારની પણ સમીક્ષા કરી. ખાસ કરીને છત્તીસગઢ તેમજ જમ્મુ-કાશ્મીર જેવા રાજ્યોમાં રાજકીય કાર્તકર્તાઓ અને ઉમેદવારોની ધાક-ધમકીથી સુરક્ષા માટે તેમની પૂરતી સલામતી વ્યવસ્થા  કરવાનો પણ આદેશ આપવામાં આવ્યો.

## Chief Electoral Officer P. Bharti

રાજ્યમાં લોકસભાની ચૂંટણી તથા વિધાનસભાની 05 બેઠકો પર પેટાચૂંટણી સંદર્ભે મુખ્ય ચૂંટણી અધિકારીની કચેરી દ્વારા આખરી તૈયારીઓ ચાલી રહી છે.

મુખ્ય ચૂંટણી અધિકારી પી. ભારતીએ જણાવ્યું કે, રાજ્યભરમાં નિયુક્ત કરવામાં આવેલા પોલીંગ સ્ટાફના ફર્સ્ટ રેન્ડમાઈઝેશનની કામગીરી પૂર્ણ કરી દેવામાં આવી છે. રાજ્યભરના તમામ પ્રિસાઈડીંગ ઑફિસર્સ અને પોલીંગ ઑફિસર્સની તાલીમ પણ પૂર્ણ કરી દેવામાં આવી છે. મતદાર યાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણા-2024 તેમજ ત્યાર બાદ આવેલી અરજીઓ પૈકી 14 લાખથી વધુ ફોટો ઓળખકાર્ડ નું વિતરણ પૂર્ણ કરી દેવામાં આવ્યું છે.

મુખ્ય ચૂંટણી અધિકારી એ વધુમાં જણાવ્યું કે, મહિલાઓની મતદાનની સહભાગિતા વધારવા રાજ્યભરમાં બુથ લેવલે બેઠકો યોજી તેમને મતદાન માટેની પત્રિકા આપવામાં આવશે.

## Election Commission C Vigil

મુખ્ય ચૂંટણી અધિકારી પી.ભારતીએ જણાવ્યું છે કે, ચૂંટણી પંચની ઓનલાઇન સી-વીજીલ મોબાઈલ એપ પર અત્યાર સુધી આદર્શ આચારસંહિતાના ભંગ અંગે કુલ 816 ફરિયાદો મળી છે. આ તમામ ફરિયાદોનો તાત્કાલિક યોગ્ય નિકાલ કરવામાં આવ્યો છે.

મુખ્ય ચૂંટણી અધિકારીની કચેરી ખાતે કાર્યરત કંટ્રોલરૂમના હેલ્પલાઇન નંબર પર 50 ફરિયાદો, ટપાલ અને ઇમેલ મારફતે મિડીયા સંબંધી 14 ફરિયાદો, રાજકીય પક્ષોને લગતી 3 ફરિયાદો, ચૂંટણીપંચ સંબંધિત 14 તથા અન્ય 229 મળી 260 ફરિયાદો મળી છે. જે તમામનો પણ ચૂંટણીપંચની માર્ગદર્શિકા અનુસાર યોગ્ય નિકાલ કરવામાં આવ્યો છે. તેમ મુખ્યચૂંટણી અધિકારીએ જણાવ્યું છે.

## Election Commission- Flying Squad

ચૂંટણી પંચ દ્વારા ચૂંટણી ખર્ચ પર નજર રાખવા માટે રાજ્યભરમાં કાર્યરત 756 ફ્લાઈંગ સ્કવોર્ડ્સ દ્વારા અત્યાર સુધીમાં 66 કરોડ 9 લાખ રૂપિયાની વસ્તુઓ જપ્ત કરવામાં આવી છે. આ ઉપરાંત ચૂંટણીસંબંધિત કોઇપણ ફરિયાદના નિવારણ માટે રાજયમાં કંટ્રોલરૂમ પણ કાર્યરત કરવામાં આવ્યો છે.

**કાયદો અને વ્યવસ્થાના ભાગરૂપે** આજદિન સુધીમાં રાજ્યભરમાંથી લાયસન્સ વાળા કુલ 47 હજાર 900 થી વધુ હથિયારો જમા કરવામાં આવ્યા.

## 03.04.2024 GANDHINAGAR P BHARTI BYTE FOR 7.10 PM

ગુજરાત લોકસભાની ચૂંટણીમાં દિવ્યાંગ અને વરિષ્ઠ મતદારો માટે ચૂંટણી પંચ દ્વારા વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. દિવ્યાંગ મતદારો માટે દરેક જિલ્લામાં તાલીમબદ્ધ PwDs જિલ્લા નોડલ અધિકારીઓની અને મતદાન મથક ખાતે આવશ્યક સુવિધાઓની ચકાસણી માટે સાત આઈએએસ અધિકારીઓની નિમણૂક કરવામાં આવી છે. આ વિશે પત્રકાર પરિષદ સંબોધતા મુખ્ય ચૂંટણી અધિકારી પી ભારતીએ આ મુજબ જણાવ્યું.

(બાઈટ – પી ભારતી, મુખ્ય ચૂંટણી અધિકારી)

## Chief Minister Bhupendra Patel

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે આજે જુનાગઢ નો ચૂંટણી લક્ષી પ્રવાસ કરીને ભાજપાના આગેવાનો અને કાર્યકરોને પક્ષના પ્રચાર અંગે માર્ગદર્શન પૂરું પાડ્યું.

અમારા જુનાગઢના પ્રતિનિધિ સંજીવ મહેતા જણાવે છે કે, મોટી સંખ્યામાં ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર તેમજ અન્ય આગેવાનો અને કાર્યકરો હાજર રહ્યા હતા. કાર્યકરોને સંબોધતા મુખ્યમંત્રીએ કહ્યું કે ઉમેદવારની પસંદગી ઉચ્ચકક્ષાએથી થતી હોય છે પરંતુ સૌ કોઈ મતદારો પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં વિશ્વાસ મૂકે એ રીતે ભાજપ પક્ષ નો પ્રચાર કરવા ઉપસ્થિત આગેવાનો અને કાર્યકરો જણાવ્યું હતું.

દરમ્યાન, અમદાવાદમાં યોજાયેલા પત્રકાર પરિષદમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવકતા ડૉ.મનિશ દોશીએ ભાજપ ઉપર આકરા પ્રહારો કર્યા હતા. રાજયમાં રોજગાર, મોંઘવારી તેમજ આર્થિક સંકટના કારણે વધતી આત્મહત્યાઓ વગેરે જેવા મુદ્દાઓને લઇ ભાજપને આડે હાથ લીધી હતી.

## EVM Randomization

આવતીકાલથી આઠમી એપ્રિલ દરમિયાન રાજ્યના તમામ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીઓ દ્વારા રાજકીય પક્ષોની હાજરીમાં EVM નું ફર્સ્ટ રેન્ડમાઈઝેશન હાથ ધરવામાં આવશે.

સાથે જ રેન્ડમાઇઝ્ડ EVM જિલ્લા ચૂંટણી અધિકારીઓ દ્વારા તેઓના જિલ્લાના તમામ વિધાનસભા મતવિભાગના મદદનીશ ચૂંટણી અધિકારીઓને સોંપવામાં આવશે. જ્યાં સંબંધિત મદદનીશ ચૂંટણી અધિકારી દ્વારા EVM નો વિધાનસભા મતવિભાગ કક્ષાના સ્ટ્રોંગરૂમમાં માન્યતા પ્રાપ્ત રાજકીય પક્ષોની હાજરીમાં નિયત પ્રોટોકૉલ મુજબ સંગ્રહ કરવામાં આવશે

## RS-OATH

રાજયના ગોવિંદભાઈ ધોળકિયા સહિતના દેશના વિવિધ રાજયોમાંથી નવા ચૂંટાયેલા 11 સભ્યોએ આજે રાજયસભાના સભ્ય તરીકે શપથ લીધા.

ઉપરાષ્ટ્રપતિ અને રાજ્યસભાના અધ્યક્ષ જગદીપ ધનખડે સંસદ ભવનમાં તેમને શપથ લેવડાવ્યા હતા. આ સભ્યોમાં કેન્દ્રિય મંત્રી એલ.મુરૂગન ઉપરાંત બિહારના પ્રોફેસર મનોજ ઝા, ધર્મશિલા ગુપ્તા અને સંજય યાદવ, હિમાચલ પ્રદેશના હર્ષ મહાજન, હરિયાણાના સુભાષ ચંદર, મહારાષ્ટ્રના મેધા કુલકર્ણી અને ચંદ્રકાંત હંડોર, કર્ણાટકના જીસી ચંદ્રશેખર, ઉત્તર પ્રદેશના સાધના સિંહ અને મધ્યપ્રદેશના અશોક સિંહે શપથ લીધા હતા.

ભૂતપૂર્વ પ્રધાનમંત્રી ડૉ. મનમોહન સિંહ સહિત રાજ્યસભાના 56 સભ્યો આ અઠવાડિયે ઉપલા ગૃહમાંથી નિવૃત્ત થયા છે.

## Gir Somnath Mining

ગીરસોમનાથ જીલ્લાના કોડીનાર તાલુકાના સિંધાજ અને ગોવિંદપુરા ભંડારિયા ગામે જીલ્લા વહીવટીતંત્રએ ગેરકાયદેસર ખનન દરમિયાન એક કરોડ 24 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

અમારા ગીરસોમનાથના પ્રતિનિધિ રાજેશ ભજગોતર જણાવે છે કે, જીલ્લા કલેકટર દિગ્વિજયસિંહ જાડેજાને આ વિસ્તારમાં ગેરકાયદેસર ખનન બાબતે બાતમી મળતાં તેઓએ જાતે જ સ્થળ તપાસ કરી હતી. તપાસ દરમિયાન, ગેરકાયદેસર ખનનમાં વપરાતા 18 ચકરડી, 3 જેસીબી, 7 ટ્રેકટર, સહિતનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.

## GOVT---MEDICINE

સરકારે કહ્યું છે કે દવાઓમાં ભાવમાં નોંધપાત્ર વધારો થવા અંગેના મીડિયાના અહેવાલો ખોટા અને ગેરમાર્ગે દોરનારા છે.

કેન્દ્રીય ગૃહમંત્રાલયે કહ્યું કે આ અહેવાલોમાં ભાવવધારાની અસર 500થી વધારે દવાઓ પર થશે, એવો દાવો કરવામાં આવ્યો છે. મંત્રાલયે કહ્યું કે આ અહેવાલો તદ્દન ખોટા, ગેરમાર્ગે દોરનારા અને બદઇરાદાપૂર્ણ છે.

ફાર્માસ્યુટિકલ્સ વિભાગ હેઠળના રાષ્ટ્રીય ફાર્માસ્યુટિકલ્સ કિંમત સત્તામંડળ –NPPA જથ્થાબંધ ભાવાંકને આધારે શિડ્યુલ્ડ દવાઓના ભાવની ટોચ મર્યાદા દર વર્ષે ફરી તપાસે છે.

મંત્રાલયે જણાવ્યું કે 782 દવાઓની હાલની કિંમતની ટોચ મર્યાદામાં કોઇ ફેરફાર નહીં થાય, જ્યારે 54 દવાઓની કિંમતમાં એક પૈસાનો નજીવો વધારો કરવામાં આવશે.

## Vadodara- World stray animal day

આવતીકાલે વર્લ્ડ સ્ટ્રે એનિમલ દિવસ છે. વડોદરા જિલ્લામાં વર્લ્ડ સ્ટ્રે એનિમલ દિવસની ઉજવણીમાં પ્રાણી સંરક્ષણ સંસ્થાએ શેરી કૂતરાઓ સંબંધિત સમસ્યાઓ અંગે વિદ્યાર્થીઓને જાગૃત કરવા માટે એક અરસપરસ રમતનું આયોજન કર્યું હતું. લોકપ્રિય 'સાપ અને સીડી' રમતથી પ્રેરિત, 'સ્લાઇડ્સ એન્ડ લેડર્સ' નામની લાઈફ-સાઈઝ બોર્ડ રમત રમાડવામાં આવી હતી. તેમાં પ્રિ-સ્કૂલના આશરે 30 વિદ્યાર્થીઓ જોડાયા હતા.

બાળકો અને માતા-પિતાને રેબીઝ, સ્પેઇંગ અને ન્યુટરીંગ, ફીડિંગ, સ્થળાંતર, કુતરાનું વર્તન, પશુચિકિત્સા સંભાળ, રસીકરણ, પ્રાણીઓના કાયદા જેવા વિષયો સહીત શેરી કુતરાઓ સંબંધિત સમસ્યાઓના વિવિધ પાસાઓ વિશે જાગૃત કરવામાં આવ્યા હતા.

## Election awareness-1

લોકસભાની ચૂંટણી સંદર્ભે રાજયભરમાં મતદાન જાગૃતિના વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે.

સુરેન્દ્રનગર જિલ્લા ચૂંટણી અધિકારીના અધ્યક્ષસ્થાને લીંબડી વિધાનસભા મતવિસ્તારના મતદારોને જાગૃત કરવા મશાલ રેલી, નાટક અને નૃત્યનું આયોજન કરવામાં આવ્યું હતું.

તાપી જિલ્લામાં ચૂંટણી અધિકારીના માર્ગદર્શન હેઠળ મતદાન જાગૃતિ માટે વિવિધ પ્રવૃતિઓ હાથ ધરવામાં આવી રહી છે.

કચ્છ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા મતદાન જાગૃતિ સંદર્ભે સમગ્ર જિલ્લાની વિવિધ શાળાઓ તેમજ કોલેજોમાં મહેંદી સ્પર્ધા યોજાઇ ગઈ .

આ ઉપરાંત કચ્છ જિલ્લા ચૂંટણી અધિકારીના માર્ગદર્શન હેઠળ વિવિધ શાળાઓમાં યુવા મતદારોની ભાગીદારી વધે, તે માટે  ચિત્ર સ્પર્ધાઓ યોજવામાં આવી હતી.

મહેસાણા જિલ્લાના કડી અને જોટાણા તાલુકાની ઇન્ડસ્ટ્રીઝ ખાતે કામદારો માટે મતદાર જાગૃતિ કાર્યક્રમ યોજાઇ ગયો. તેમજ બેચરાજી તાલુકામાં રણેલા ક્લસ્ટર ની 16 શાળાઓમાં મતદાર રેલી અને મોકપોલ યોજાઈ.

વડોદરા જિલ્લામાં એમ.એસ. યુનિવર્સિટી ખાતે યુવા મતદારો માટે યોજાયેલ મતદાન જાગૃતિ કાર્યક્રમમાં ૧૫૦ કરતા વધુ યુવાનોએ ભાગ લીધો .

અરવલ્લી જિલ્લા ચુંટણી અધિકારીએ ક્લેક્ટર કચેરી ખાતે લોકસભા ચૂંટણી અંતર્ગત મતદાર જાગૃતિ અને કેળવણી કાર્યક્રમ અંગે કરવાની થતી કામગીરી અંતર્ગત જિલ્લાના સ્વીપ નોડલ અધિકારી તેમજ મદદનીશ નોડલ અધિકારીઓને માર્ગદર્શન આપી અત્યાર સુધી કરવામાં આવેલ કામગીરી અંગે માહિતી મેળવી હતી.

ભરૂચ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા મધ્યસ્થ હૉલ ખાતે  લોકસભા ચૂટંણી અંગે લોકોમાં મતદાન અંગે જાગૃતિ ફેલાય તે માટે  કાર્યક્રમ યોજાયો.

ગીર સોમનાથ જિલ્લા કલેક્ટરે આજે વેરાવળના ટાવર ચોક ખાતેથી યોજાયેલી મતદાર જાગૃતિ રેલીમાં પગપાળા ચાલીને લોકોમાં મતદાન જાગૃતિનો સંદેશો આપ્યો હતો.

આ ઉપરાંત ગીર સોમનાથ પીજીવીસીએલની કચેરીઓ દ્વારા ૬૯ હજાર ૮૫૫ જેટલા વીજ બિલ પર ‘મતદાન અવશ્ય કરીશ’ નો સિક્કો લગાવી મતદાન કરવા અપીલ કરવામાં આવી.

સુરત જીલ્લામાં પલસાણાના ગુજરાત ઈકો ટેક્સટાઈલ પાર્ક ખાતે બારડોલી વિધાનસભાના બુથ લેવલ ઓફિસર્સ  સાથે મતદાન જાગૃતિ અંગે બેઠક યોજાઈ.